**અમદાવાદ (ગ્રામ્ય) ના ૬–ઠા એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક.સાહેબશ્રીની કોર્ટમાં, અમદાવાદ**

ક્રિમિનલ કેસ નં. 10715/2021

આંક:– 9

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂઘ્ધ

આરોપી : Jitendra Aidanji Kalal

**ગુનો : ગુજરાત પ્રોહી. એકટની કલમ –૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(૧)(બી), ૯૮(૨), મુજબ**

(૧) સદરહું કામના આરોપી વિરૂઘ્ધ ગુજરાત **પ્રોહી. એકટની કલમ –૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(૧), ૯૮(૨),** મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી માટે રજુ થયેલ છે. સદર ગુનાન કામે આરોપીઓ અત્રેની અદાલતમાં હાજર થતા તેમને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો આપી તેઓ સામે ગુનાનુ તહોમતનામુ ફરમાવી તે અનુસંધાને પ્લી લેતા આરોપીએ ગુનાનો સ્વીકાર કરેલ છે.

(૨) આરોપીએ ગુનાની કબુલાત કરતા તેમને સદર ગુનાની કબુલાત અંગે વિચારવા માટે સમય જોઈએ તો તે આપવાનું જણાવેલ છે. તેમ છતાં આરોપીએ સદર ગુનો સ્વેચ્છાપૂર્વક કબુલ હોવાનું જણાવેલ છે તો વઘુમાં આરોપીએ તેમની લેખિત ગુન્હા કબુલાતની પુરસસીમાં તથા મારી સમક્ષની રજુઆતમાં જણાવેલ છે કે આ તેમનો પ્રથમ ગુન્હો છે. સજાની જોગવાઈ અંગે આરોપીઓને માહિતગાર કેસ હોવા છતાં કબુલાત કરવા ઈચ્છે છે અને જણાવે છે કે તે ગરીબ માણસ છે તેમજ દયા કરવા અરજ ગુજારેલ છે અને ગુના અંગે પછતાવો વ્યકત કરેલ છે.

આમ, આરોપીની મારી સમક્ષની રજૂઆત સ્વેચ્છા પુર્વકની કબુલાત જણાતી હોય કેસના સંજોગો ઘ્યાનેમાં લઈ આરોપીને સદર ગુન્હામાં તકશીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**–:: હુકમ::–**

સદર કામના આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૨ અન્વયે ગુજરાત **પ્રોહી. એકટની કલમ –૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(૧), ૯૮(૨),**ના ગુના માટે તકશીરવાન ઠરાવવામાં આવે છે. આરોપીઓને ગુજરાત પ્રોહી. એકટની કલમ : ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(૧), ૯૮(૨),મુજબ ગુન્હા માટે **આરોપીને કોર્ટ ઉઠતા સુઘીની સજા તથા આરોપીને કુલ દંડ રૂા. 500/–,** દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો **દિન–ત્રણ** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા.૧૨ મી, માહે, માર્ચ, ૨૦૨૨ ના રોજ જાહેર કર્યો.

તારીખ: ૧૨/૦૩/૨૦૨૨
અમદાવાદ (ગ્રામ્ય)

(પૃથુ શર્મા)
૬–ઠ્ઠા એડી.સીવીલ જજ
અને જયુ.મેજી.ફ.ક.,
અમદાવાદ (ગ્રામ્ય) મિરઝાપુર